# પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરાયા

**વર્ષોથી દબાણ કરીને બેઠેલા અન્ય દબાણ કરતાઓમાં ભય : મોડે મોડે પાલિકાએ દબાણો દુર કર્યા : ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર ફેરવવા ગયેલ નગરપાલિકા તથા દબાણ કર્તાઓમાં તુ...તુ... મે...મે**





## પ્રાંતિજ ગલેચી ભાગોળ, પઠાણવાડા અને જબુચોરા ખાતે ઘર પાસે કરેલ દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયુ

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારોમાં આવેલ ગલેચી ભાગોળ લવારની બારી, પઠાણ વાડા તથા જબુચોરા ખાતે ઘર આગળ કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામા આવ્યું.

પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાય વર્ષોથી રેસીડન્સ એરીયામાં કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણો આજે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પોલીસ ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણો દુર કરવામાં આવ્યા હતા તો દબાણ હટાવવામા ગયેલ અધિકારીઓ




તથા દબાણ કર્તા વચ્ચે તુ...તુ... મે...મે.... ના દ્રશ્યો સર્જાયા હતા તો પ્રાંતિજ ગલેચી ભાગોળ પાસે આવેલ લવાર બારી વિસ્તાર મા તથા પઠાણ વાડા અને જબુચોરા વિસ્તારો મા આવેલ મકાન માલિકો દ્રારા પોતાની ઘરની આગળ પાછળ ઓટલા ઉપર સંડાસ-બાથરૂમ સહિતનુ કરવામા આવેલ ગેરકાયદેસર દબાણો દુર કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઊર્મિલાબેન સુમેસરા, નગરપાલિકાના એન્જીનીયર મેધનાબેન, નગરપાલિકાના એસઆઇ સંજયભાઇ ચૌધરી, ચિન્ટુભાઇ, જતીનભાઇ, ગુણવંતભાઇ સહિતનો નગરપાલિકાનો સ્ટાફ સહિત પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો અને રેસીડન્સ વિસ્તારમાં આવેલ દબાણો દુર કર્યા હતાં અને ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવા મા આવ્યું હતું તો લોકો ના ટોળેટોળા ઉમટી પડયા હતાં તો અન્ય દબાણ કરતાઓમા પણ ગેરકાયદેસર દબાણોનોને લઈને હાલતો ડર જોવા મળી રહ્યો છે.

# ભારતીય કિસાન સંઘ દ્વારા બાયડ તાલુકા વિશેષ બેઠક

બાયડ, તા. ૧૨

આજરોજ બાયડ તાલુકા ભારતીય કિસાન સંઘની ત્રીવાર્ષિક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંઘની પ્રણાલીકા બીનહરિફ તરીકે વરણી કરવામાં આવેલ. ઉપ પ્રમુખ જીવાજી પરમાર તેમજ ઉપ પ્રમુખ ધીરૂભાઈ જે. પટેલની બીન હરીફ વરણી કરવામાં આવેલ. રતિભાઈ પટેલ તથા બાયડ તાલુકાના ખેડૂતો કારોબારી સભ્ય મંડલ કેન્દ્રના સંયોજકો, ગ્રામ સમિતિ પ્રમુખ મંત્રીઓ, સક્રિય કાર્યકર્તાઓ હાજર રહેતા હતા.




મુજબ દર ત્રણ વર્ષે સભા નોંધણી અભિયાન કરવામાં આવે છે. દર ત્રણ વર્ષે જૂની કારોબારીને વિસર્જન કરી નવીન કારોબારીની રચના કરવામાં આવે છે. જેમાં પ્રમુખ અમરાભાઈ એમ. પટેલ, મંત્રી છગનભાઈ પી. પટેલ, કોષાધ્યક્ષ ભરતભાઈ એમ. પટેલના

સદર બેઠકમાં અ.ભા. રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય મગનભાઈ પટેલ તથા અરવલ્લી જિલ્લા પ્રમુખ જીવાભાઈ લટ્ટા, તથા જિલ્લા મંત્રી પ્રેમજીભાઈ પટેલ, ધનસુરા તાલુકા પ્રમુખ બાબુભાઈ પટેલ, ધનસુરા તાલુકા મંત્રી કેશુભાઈ પટેલ, તા. કોષા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્ય તથા ભોજનના દાતાઓ ભારે સહયોગ તથા જહેમત ઉઠાવી સહયોગ આપેલ. આભારવિધિ જીવાજી પરમારે કરેલ. સમગ્ર મીટીંગનું સંચાલન કમલેશભાઈ પટેલ તથા છગનભાઈ પટેલે કરેલ છે.

### પાલિકા પ્રમુખ-સંગઠન પ્રમુખે આરતી ઉતારી

# બાયડના સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં ખેલૈયાઓની રાસ-ગરબાની રમઝટ

મોડાસા,તા. ૧૨

બાયડના સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં છઠ્ઠા નોરતે બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, સોની, મહીલા કોર્પોરેટર કંચનબેન પટેલે મા ની આરતી ઉતારી વિશ્વ કોરોનાના સંકટમાંથી બહાર આવે, વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી. નવરાત્રી જોવા આવનાર લોકોની ભીડ સતત વધી રહી છે. બાયડ સ્વામિનારાયણ સોસાયટી નવરાત્રી આયોજક દ્વારા બાયડ પાલિકાના



શહેર ભાજપા સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ (દાદા) પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવીણ એમ. પટેલ, દંડક ભાવનાબેન જોષી, ચીફ ઓફિસર સાવીબેન પદાધિકારીઓના હસ્તે છઠ્ઠા નોરતે મા ની આરતી કરવામાં આવી. મા ની આરતીનું સદ્ભાગ્ય અપાવનાર નવરાત્રી આયોજકોનો પાલિકા પદાધિકારી-ચીફ ઓફિસરે આભાર માન્યો હતો.

ત્યારબાદ નવરાત્રી ચોકમાં ખેલૈયાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

નવરાત્રી પર્વ પૂર્ણાહૂતિ તરફ આગળ વધી રહ્યુ છે. તમામ નવરાત્રી સ્થળોએ ખેલૈયા અને

### નવરાત્રી પર્વમાં બજારોમાં નવી રોનક

# જિલ્લાના બજારોમાં ઘરાકી જામી, મોડી રાત્રી સુધી ખુલ્લા રહેતા ઝવેરી શો રૂમ

નવરાત્રી પર્વ અને પછી તુરત જ લગ્નસરાના અવસર હોવાથી નવરાત્રી પર્વમાં બજારોમાં નવી રોનક જોવા મળી રહી છે. છેલ્લા ૩ દિવસથી ઝવેરી બજારમાં ઘરાકી જામતા ૧૮ મહીના પછી ઝવેરી બજારમાં ઉત્સાહ જોવા મળ્યો.

લગ્ન તથા અન્ય શુભ પ્રસંગોમાં મહીલાઓ માટે સોનુ ખરીદવાનો અવસર મહીલાઓને સૌથી વધુ ખુશી આપે છે. કોરોનાના કારણે અગાઉ મોટાભાગના પરિવારોએ લગ્નના અવસર મુલત્વી રાખ્યા હતા. આ વર્ષે પણ લગ્નના અવસરો ઉપર સંકટની સ્થિતિ હતી પરંતુ નવરાત્રી પર્વ પૂર્વે સરકાર દ્વારા લગ્નના અવસરમાં છૂટછાટ અપાતાં પાર્ટીપ્લોટ બુક થઈ રહ્યા છે. મંડપ-ડેકોરેશન-કેટરર્સ સહીતના ધંધામાં બુકીંગની સીઝન ખુલી છે અને નવરાત્રી શરૂ થતાજ ઝવેરી-ગારમેન્ટ બજારમાં તેજીલો તોખાર જોવા મળે



છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, મોડાસા, ભિલોડા, બાયડ, પોશીના, લાંબડીયા, તલોદ, ટીંટોઈ, શામળાજી, વડાલીના ઝવેરી બજારોમાં જે રીત ભીડ ઉમટે છે તે જોતાં ઝવેરી બજારમાં ૧૮ મહીના પછી ઉત્સાહજનક સ્થિતિ જોવા મળી છે. નવરાત્રી દરમ્યાન જિલ્લામાં ૨૫ કિલો સોનાના દાગીના વેચાયાનો અંદાજ લગાવાઈ રહ્યો છે.

## સાબરકાંઠા-અરવલ્લી આંજણા ચૌધરી સમાજ દ્વારા સાબરડેરીના વાઈસ ચેરમેન બ્રિજેશ પટેલનું સન્માન

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લી આંજણા ચૌધરી સમાજ દ્વારા સાબરડેરીના વાઈસ ચેરમેન સમાજનો હવે પછી સહકારી ક્ષેત્રે મોટો મદાર રહેલો છે. તાજેતરમાં જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરડેરીની ચેરમેન-વા.ચેરમેન



બ્રિજેશ પટેલનું સન્માન કરી સહકારી-રાજકીય ક્ષેત્રે આગળ વધવાની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આંજણા પાટીદાર સમાજના અનેક યુવાઓએ સહકારી ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ પોતાની પ્રતિભાથી ઉભી કરી છે. સાબરકાંઠા બેન્કના એમ.ડી. પંકજ પટેલ, સાબરડેરીના વા. ચેરમેન બ્રિજેશ પટેલ, સાબરડેરી ડીરેક્ટર સચીન પટેલ ઉપર આંજણા પાટીદાર પદની ચૂંટણી યોજાઈ જેમાં ખેડબ્રહ્માના બ્રિજેશ પટેલને ભાજપા દ્વારા મેન્ડેડ આપી વાઈસ ચેરમેન તરીકે નિયુક્ત થતાં જિલ્લાના યુવા કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે. સાબરકાંઠા-અરવલ્લી ચૌધરી સમાજ દ્વારા વાઈસ ચેરમેન બ્રિજેશ પટેલનું અધ્યક્ષ કનુભાઈ પટેલ, પ્રમુખ જશુભાઈ પટેલ, મંત્રી કેશુભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.

# પુરવઠા ઓપરેટરનું મોત, આઘાતમાં પત્નિનુ પણ મોત

**ગુજરાત રાજ્ય મહેસુલી પુરવઠા ઓપરેટર મંડળ દ્વારા પરિવારને ૧.૨૧ લાખની સહાય**

બાયડ, તા. ૧૨

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા પુરવઠા ઓપરેટરનું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યુ તેમના આઘાતમાં પત્નિનું પણ ૩ દિવસ પછી મોત નિપજતાં ગુજરાત રાજ્ય મહેસુલી પુરવઠા ઓપરેટર મંડળ દ્વારા મૃતક દંપતિના સંતાનોને રૂ. ૧.૨૧ લાખની ફિક્સ ડીપોઝીટ સહાય અપાતા અનેક લોકોની આંખો ભરાઈ આવી હતી.

લાગણી અને સંવેદના જ માનવીને અન્ય કરતા અલગ ઓળખ અપાવે છે. કરોડોની સંપત્તિમાં આળોટતા અધિકારીઓ પણ પૈસાની કંજૂસાઈ કરતા જોયા છે. ત્યારે કારમી મોંઘવારીમાં મામુલી પગારમાં ફરજ બજાવતા રાજ્ય મહેસુલી પુરવઠા ઓપરેટર મંડળની સંવેદના સાથી ગુમાવ્યો ત્યારે જોવા મળી. સુરેન્દ્રનગરના પાટડીના માતા-પિતાનું છત્ર ગુમાવ્યુ. ગુજરાત રાજ્ય મહેસુલી પુરવઠા ઓપરેટર મંડળના ધ્યાન ઉપર આવતા પ્રમુખ



પુરવઠા ઓપરેટરનો માર્ગ અકસ્માતમાં યમદૂત ભરખી ગયો. પરિવાર માટે આઘાત અસહ્ય થયો. પતિના મોતથી વજ્રગાત અનુભવી પત્ની ત્રીજા દિવસે મોતને ભેટતાં પરિવાર સ્તબ્ધ બન્યો. બાળકોએ બ્રિજેશ ચૌધરી (ડેમાઈ) તથા સંગઠન હોદ્દેદારો મૃતકના વતન પહોચ્યા અને મંડળની યથાશક્તિ પ્રમાણે રૂ. ૧.૨૧ લાખની સહાયનું ફિક્સ કરી આપી માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

## ડીસામાં રાસ- ગરબાની રમઝટ વચ્ચે કોરોના રસીકરણ

કોરોના મહામારીના કારણે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી નવરાત્રિની ઉજવણી બંધ કરી દેવાઈ હતી પરંતુ હવે કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારે શેરી ગરબાની શરતી છૂટ આપી છે અને આરોગ્ય વિભાગને ગરબા સ્થળે કોરોના રસીકરણ ઝુંબેશ ચલાવવા આદેશ કર્યો છે. જેના અનુસંધાને ડીસા શહેરમા નવરાત્રિમાં પણ કોરોના સંક્રમણને અટકાવવા ડીસાના આરોગ્ય અધિકારી ડૉ.જીગ્નેશ હરિયાણીના માર્ગદર્શન મુજબ ડીસા શહેર અને તાલુકા અર્બન હેલ્થ વિભાગની જુદી જુદી ટીમો દ્વારા શહેરમા ચાલતા શેરી ગરબાઓમા સ્થળ ઉપર જઈ કોરોના વેક્સીન આપવાની કામગીરી ચાલી રહિ છે.જેને શહેરીજનો દ્વારા પ્રચંડ જન સમર્થન સાંપડી રહ્યું છે અને ભાઈ-બહેનો ઘર આંગણે કોરોના રસી મુકાવી રહ્યા છે.

